અરજી નં.૩૭૩ તા.૨૬–૨–૦૯

અરજદારઃ શ્રી ડો. સરોશ શામ ભકકા
સામાવાળાઃ ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો. સરોશ શામ ભકકા ની તા.૨૭–૧–૦૯ ની અરજીથી માહિતી સા.વે. ઝોન/અઠવાના એપેલેટ ઓફિસરશ્રીએ કાર્યવાહી કરી હતી જે બાબતે છેલ્લી સુનાવણીનીતા. ૩૦–૧૦–૦૭ એ કરી હતી તે અપેલેટ ઓફિસરશ્રીની સહીવાળો ઓર્ડરની ઓફીસીયલ કોપી કઈ તારીખે હમોને પાઠવ્યો છે તેની વિગતો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૩/૨૦૦૮–૦૯

શ્રી ડો. સરોશ શામ ભકકા ની તા.૨૭–૧–૦૯ ની અરજીથી માહિતી સા.વે. ઝોન/અઠવાના એપેલેટ ઓફિસરશ્રીએ કાર્યવાહી કરી હતી જે બાબતે છેલ્લી સુનાવણીની તા. ૩૦–૧૦–૦૭ એ કરી હતી તે અપેલેટ ઓફિસરશ્રીની સહીવાળો ઓર્ડરની ઓફીસીયલ કોપી કઈ તારીખે હમોને પાઠવ્યો છે તેની વિગતો આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (સા.વે.ઝોન/અઠવા)ના પત્ર નં. સા.વે.ઝોન/આરટીઆઈ/૫૪૭ તા.૨૦–૨–૦૯ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૪ તા.૭–૩–૦૯ થી ડે. કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ માહિતીના ઈન્કાર અંગે કલમ૮,૯, અને ૧૧ ના અપવાદ હેઠળ કારણ જણાવેલ નથી. જયારે અરજદાર ધ્વારા તેમની તા.૨૬–૨–૦૯ ની અપીલ અરજી સાથે મૂળ અરજીની નકલ મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર અઠવાઝોન ધ્વારા અરજદારને પૂરી પાડેલ માહિતી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૫૪૭ તા.૨૦–૨–૦૯ ની નકલ તથા અપીલ માટેના આધાર અને કારણ જણાવતું વિવરણની નકલ મોકલવામાં આવેલ છે. સાથે ઈન્ચાર્જ એ.આર.ઓ અઠવાઝોનના તા.૧૭–૨–૦૯ ના પત્ર નં.૪૨૩ ની નકલ પણ રજૂ કરેલ છે.

મૂળ અરજીની વિગત જોતાં અરજદારે તેમની તા.૨૭–૨–૦૯ ની અરજીથી સા.વે.ઝોનના એપેલેટ ઓફિસરશ્રીએ અરજદારના સંદર્ભ વાળી બાબતે તા.૩૦–૧૦–૦૭ ના રોજ છેલ્લી સુનાવણી કરેલ. તેના એપેલેટ ઓથોરીટીના ઓર્ડરની ઓફિસીયલ કોપી કઈ તારીખે અરજદારને પાઠવેલી તેની વિગતો માંગેલી. જે અંગે મ. જાહેર માહિતી અધિકારીના તા.૨૦–૨–૦૯ ના પત્રથી અરજદારને આપેલી માહિતી અનુસાર અપીલ નં.આકારણી અને વસુલાત/૬૪૭ તા.૨૫–૭–૦૭,તા.૧૪–૩–૦૮ થી હુકમ કરવામાં આવેલ. જે અંડર પોસ્ટીંગ ધ્વારા તા.૨૬–૩–૦૮ ના રોજ તથા તા.૨૭–૩–૦૮ ના રોજ રૂબરૂ આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. વધુમાં તા.૧૭–૨–૦૯ ના રોજ પણ એક નકલ આપવામાં આવેલ હોવાનું એમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે જે નકલ અરજદારને મળેલ હોવાનું અરજદારે સ્વીકારેલ છે. આમ અરજદારે માંગેલ મુળ અરજી અનુસારની વિગતો તેમને પૂરી પડાયેલ જણાય છે. પરંતુ અપીલના તબકકે અરજદારે તેને ખોટી હોવાનું જણાવી પડકારેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તા.૨૦–૨–૦૯ ના રોજ આપેલી અરજીની માહિતીમાં સદર હુકમની નકલ અંડર પોસ્ટીંગ તથા બીજા દિવસે રૂબરૂમાં આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેના અનુસંધાને અંડર પોસ્ટીંગ કરેલી કાર્યવાહીના કાગળની નકલ તથા રૂબરૂમાં આપવામાં આવેલી નકલ સબબ લીધેલ પાવતીની નકલ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો. સરોશ શામ ભકકા,